# પુસ્તકો: જીવનનો આત્મા...

**પુસ્તકો ભણતરના પાઠ, જીવનનું ઘડતર, એકાંતમાં સાથીદાર તરીકેની હૂંફ, હાસ્યનો દરબાર, રહસ્યમય ઘટનાઓનો ખજાનો, મહાન લોકોના જીવનની કથા, નવલકથાના રસપ્રદ પાત્રો અને ખાસ તો જીવન પ્રત્યેનો એક ચોક્કસ દૃષ્ટિકોણ કેળવી આપે છે તેમજ ક્યારેક તો જીવનઆધાર બની રહેતો કોઈ મહત્ત્વનો સિદ્ધાંત બહુ સહજતાથી રજૂ કરી દે છે...**




**સપના બારૈયા વ્યાસ.** aarpar@gmail.com

વર્ષોથી એક વાક્ય કહેવાય છે કે પુસ્તકો આપણા મિત્ર છે, પરંતુ તે વિધાન ક્યારે સત્ય ઠરે જ્યારે તેની સાથે રહેનાર તેની કિંમત જાણે, તેને સમજે અને તેને માણે, નહીં તો અભણ માટે તો પુસ્તકના કાળા અક્ષર ભેંસ બરાબર હોય છે. પુસ્તકો માત્ર માહિતી કે જ્ઞાન જ નથી આપતાં. તે ભણતરના પાઠ, જીવનનું ઘડતર, એકાંતમાં સાથીદાર તરીકેની હૂંફ, હાસ્યનો દરબાર, રહસ્યમય ઘટનાઓનો ખજાનો, મહાન લોકોના જીવનની કથા, નવલકથાના રસપ્રદ પાત્રો અને કઈ કેટલું આપણી થાળીમાં પીરસે છે અને સાથે ઘણું શીખવે પણ છે. જીવનમાં પોતાનું જ્ઞાન વધારવા માટે પુસ્તકોનું વાંચન એ મહત્ત્વનો આધાર બની રહે છે. આથી જ મિલ્ટને ઘણી સુંદર વાત કરી છે કે, પુસ્તકોમાં જીવનનો આત્મા છે, કેમ કે એમાં જીવનનો વિચારસાર રહેલો છે.

હમણાં ૨૩ એપ્રિલ વિશ્વ પુસ્તક દિન તરીકે ઊજવવામાં આવ્યો. તે દિવસ મહાન લેખક વિલિયમ શેક્સપિયરના જન્મ તથા મરણનો દિવસ પણ છે. માત્ર આટલું જ નહીં આ દિવસને કૉપીરાઇટ ડે તરીકે પણ ઊજવવામાં આવે છે. જ્યારે યુનેસ્કો દ્વારા રીડિંગ, પબ્લિસિંગ તથા કૉપીરાઇટના પ્રચાર માટે પણ આ દિવસ ઊજવવામાં આવે છે. આમ પણ પુસ્તકો માહિતીનો ખજાનો છે. જેમાં વિશ્વભરના જાણ્યા અજાણ્યા મહાન લેખકોના સત્ય તેમજ કાલ્પનિક વિચારોને આધારે લખાણો હોય છે. વાત આજે એવા જાણીતા લેખકોની કલમે લખાયેલા સાહિત્યની કરીએ જેને વર્ષો વીતી ગયાં તેમ છતાં આજે પણ લોકો તેને યાદ કરે છે.

## જાણીતા લેખકના પુસ્તકની અજાણી રસપ્રદ વાત

ગતિના ત્રણ નિયમોને સમજાવનારા સર આઇઝેક ન્યૂટનને આજે કોણ નથી ઓળખતું? તેમણે વર્ષ ૧૬૮૭માં પ્રકાશિત થયેલા તેમના સંશોધનપત્ર

'ફિલોસોફી નેચરેલિસ પ્રિન્સિપિયા મેથેમેટિકા' પરથી 'પ્રિન્સિપિયા મેથેમેટિકા' નામથી જાણીતું એક પુસ્તક લખ્યું હતું . જેની ગણતરી વિજ્ઞાન અંગેના ઈતિહાસના સૌથી પ્રભાવશાળી પુસ્તકોમાં થાય છે. જેમાં ગતિના ત્રણ નિયમોની સવિસ્તાર સમજણ અને મૌલિક વિચારોને આધારે માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. માત્ર આટલું જ નહીં આ પુસ્તકમાં બાહ્ય પરિબળોના પ્રભાવ હેઠળ વસ્તુઓ કેવી રીતે ગતિ કરે છે તેને વિગતે સમજાવવામાં આવ્યું છે. એટલે કે સાર્વત્રિક ગુરુત્વાકર્ષણ અને ગતિના નિયમોની સમજૂતી આપવામાં આવી છે. આજે ભૌતિકશાસ્ત્ર ભણનારા વિદ્યાર્થીઓ સર આઈઝેક ન્યૂટનના નિયમો ભણી રહ્યા છે અને ભવિષ્યમાં પણ તેનો ઉપયોગ કરશે. આવા મહામૂલા પુસ્તકને થોડા સમય પહેલાં ૩૭ લાખ ડોલર (લગભગ ૨૫ કરોડ રૂ.)માં વેચવામાં આવ્યું છે. જે હરાજીમાં અત્યાર સુધીમાં વેચાયેલું સૌથી મોંઘું પુસ્તક ગણવામાં આવે છે. જે ૨૫૨ પેજનું છે. લાલ રંગના આવરણવાળું આ પુસ્તક નવ ઈંચ લંબાઈ અને સાત ઈંચ પહોળાઈ ધરાવે છે. જેને ચામડાથી કવર કરવામાં આવ્યું છે. છેલ્લાં ૪૭ વર્ષોમાં ન્યૂટનના સિદ્ધાંતોની એક જ મૌલિક આવૃત્તિ વેચાઈ હતી.

## 'એકલો જાને રે' ... ડૉ.એચ.એલ. ત્રિવેદીની જિંદગી પરની નવલકથા

આમ તો વાત એક-બે વર્ષ જૂની છે, પરંતુ લોકોમાં રસપ્રદ બની રહે તેવી છે. હા, વાત થઈ રહી છે ડૉ. શરદ ઠાકરની ડૉ. એચ.એલ.ત્રિવેદીની જિંદગીમાં બનેલી સત્યઘટનાઓને આધારે લખાયેલી 'એકલો જાને રે'... નવલકથાની. જેમાં કોઈ એક વ્યક્તિ દેશની સિસ્ટમ વિરુદ્ધ એકલા હાથે અવનવા સંઘર્ષો ખેડીને પોતાના સ્વપ્નને સિદ્ધ કરે તેની વિસ્તારપૂર્વક વાત કરવામાં આવી છે. ઈ.સ. ૧૯૩૨ના ઑગસ્ટ મહિનામાં સુરેન્દ્રનગર જિલ્લાના હળવદથી ચારેક કિલોમીટર દૂર આવેલા ચરાડવામાં હરગોવિંદ લક્ષ્મીશંકર ત્રિવેદી (એચ.એલ.ત્રિવેદી)નો જન્મ થયો હતો. ગજકેસરીયોગમાં જન્મેલા આ બાળકને જીવનમાં માન, પાન અને સ્થાન મળશે એવું જણાવવામાં આવ્યું હતું. સમયની સાથે સંઘર્ષ અને અથાગ મહેનતથી ડૉ.એચ.એલ. ત્રિવેદીને એ સાચું ઠેરવ્યું. ડૉ શરદ ઠાકરે ૪૨૪ પાનામાં ડૉ.એચ.એલ.ત્રિવેદીનાં જીવનમાં બનતી તમામ ઘટનાઓ અને તેને પડકાર આપતા ડૉક્ટર ત્રિવેદી વિશેની સંપૂર્ણ વિગતવાર માહિતી આપી છે. એક આદર્શ શિક્ષકને ત્યાં જન્મેલા ડૉક્ટર એચ.એલ.ત્રિવેદીનું બાળપણ, તેમનો અભ્યાસ, ઉચ્ચ અભ્યાસ માટેની વિદેશયાત્રા,



ધ અલ્કેમિસ્ટ પુસ્તકરૂપે એક બળૂકા પ્રેરણાસ્રોતના સિદ્ધહસ્ત સર્જક પાઉલો કોએલો




એક ઉચ્ચ કક્ષાના નેફ્રોલોજિસ્ટ બનવું, કારકિર્દી દરમિયાન જોયેલી તડકીછાંયડી, ત્યારબાદ દેશમાં પાછા ફરી પોતાનું સ્વપ્ન સાકાર કરવાની મથામણ બાદ કિડની ઈન્સ્ટિટ્યૂટ તૈયાર કરાવવી, પરિશ્રમ અને મહેનતથી તેને દેશમાં જ નહીં વિદેશમાં પણ નામના અપાવવાની જહેમત કરવી, વગેરે. ડૉ એચ.એલ. ત્રિવેદીના કાર્યોની ગાથા આટલેથી જ પૂરી થતી નથી, પરંતુ તે સિવાય પણ પુસ્તકમાં ડૉક્ટરસાહેબને થયેલા અનુભવો વિશેની પણ સવિસ્તાર ચર્ચા કરવામાં આવી છે.

## 'ધ અલ્કેમિસ્ટ' – સપનાં સાકાર કરવાની મહત્ત્વાકાંક્ષા...

માણસનું જીવન બદલી નાખવાની ક્ષમતા ધરાવતી કોઈ નવલકથાની વાત કરવામાં આવે તો તે પોલો કોએલોની 'ધ એલ્કેમિસ્ટ' છે. આ બ્રાઝિલિયન લેખકનું આ પુસ્તક પણ બેસ્ટ સેલરના લિસ્ટમાં આવ્યું હતું. જેમાં પોતાનાં સપનાં સાકાર કરવા માટેની મહત્ત્વાકાંક્ષા ધરાવતા સાન્તિયેગો નામના એક ગોવાળ છોકરાની વાત કરવામાં આવી છે. આ સિવાય આ પુસ્તક આશાવાદ અને સકારાત્મક વિચારોથી છલોછલ ભરેલું છે. જેની પહેલી આવૃત્તિની ખૂબ ઓછી નકલો વેચાઈ હતી ત્યારે લેખકને તેમના પ્રકાશકે પુસ્તક કરતાં સ્ટોક માર્કેટમાં વધુ કમાણી કરી શક્યા હોત તેવી વાત કરી હતી. આ વાતથી લેખકને ઘણો આઘાત લાગ્યો હતો. કેમ કે આ નવલકથા લેખકના આત્મા સાથે જોડાયેલી હતી. તેઓ પોતાના પર અને પોતાના લખાણ પર વિશ્વાસ રાખીને અન્ય પ્રકાશક પાસે ગયા. તે જ સમયે ફ્રાન્સમાં આ પુસ્તક અચાનક બેસ્ટ સેલર બની ગયું હતું. 'ધ અલ્કેમિસ્ટ' માત્ર પંદર દિવસમાં લખાયેલી નવલકથા છે તેમ છતાં લોકોને તેને વાંચવાનો એટલો રસ પડ્યો કે તેઓના મનમાં આ નવલકથાની ઊંડી છાપ પડી ગઈ. આ નવલકથાનો લગભગ ૮૦ ભાષામાં અનુવાદ થયો છે અને ૬૫ મિલિયનથી પણ વધારે કોપી વેચાઈ છે. જો કોઈ પુસ્તકનો સૌથી વધુ ભાષામાં અનુવાદ થયો હોય તો તે આ પુસ્તક છે. આ પુસ્તકે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો છે. બે લેખકો દ્વારા આ પુસ્તકનો ગુજરાતી ભાષામાં પણ અનુવાદ થયેલો છે. મુંબઈમાં રહેતા, અંગ્રેજી ભાષાના અધ્યાપક અવનિશ ભટ્ટ તેમજ બીજો અનુવાદ સુધા મહેતા દ્વારા કરવામાં આવ્યો છે. આ આખા પુસ્તકનો સાર માત્ર એટલો જ છે કે જ્યારે આપણે કંઈક મેળવવાની તીવ્ર ઈચ્છા અડગ મનથી કરીએ છીએ ત્યારે દુનિયાની સમગ્ર શક્તિ આપણી મદદે આવે છે.